સુવિચાર : માણસ પોતાની જાતને જેટલો નડે છે તેટલી એને બહારની વસ્તુ કે વ્યક્તિ નડતી નથી - વેદવ્યાસ

**તાપમાન**
મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૭૪ ૧૫ ડિસેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; માગશર સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- જીએસટી મુદ્દે મડાગાંઠ હજુ અકબંધ : મંત્રણા ફ્લોપ રહી
- રાહુલને કોઈએ રોક્યા ન હતા : મંદિર પ્રમુખ
- શીના બોરા કેસમાં પીટરની કસ્ટડીમાં ફરી વધારો
- માર્ચ સુધી ૮ ટકાનો વધારો સેન્સેક્સમાં થશે
- રાહુલ ગાંધી હજુ બાળક તરીકે રહ્યા છે : અરવિન્દ કેજરીવાલ
- પ. બંગાળમાં ભાજપ પ્રમુખ તરીકે ઘોષની વરણીથી રોષ
- આઈપીએલની આગામી એડિશન નવમી એપ્રિલથી શરૂ કરાશે
- મુંબઈ હુમલા કેસમાં ટ્રાયલ ઝડપી કરવા સ્પષ્ટ વાત થઈ
- ડબલ્યુપીઆઈ આધારિત ફુગાવો નવેમ્બરમાં ઘટીને ૧.૯ ટકા થયો

# સ્વદેશી કોમ્બેટ ડ્રોન વિકસિત કરાશે

ભારતે આખરે સ્વદેશમાં રડારને ચકમો આપી શકે તે પ્રકારના કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે. આ ડ્રોન માનવરહિત રહેશે.



કોમ્બેટ ડ્રોન વિકસિત કરવાનો નિર્ણય કર્યો છે. આ પ્રકારના ડ્રોન ડેવલપ સાથે સાથે રડાર મારફતે પણ આ ડ્રોનની ભાળ મળી શકશે નહી. આ ડ્રોન મિસાઈલ પર હુમલા કરી શકશે. મિસાઈલ પર હુમલા અને દુશ્મનો પર હુમલા કરવામાં આવ્યા બાદ આ ડ્રોન પરત આવી જશે. પરત ફર્યા બાદ આ ડ્રોનને બીજા મિશન પર પણ મોકલી શકાશે. સુત્રોના કહેવા મુજબ સરકાર ૨૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ઘાતક યોજનાને ટુંક સમયમાં જ લીલીઝંડી આપવાની તૈયારીમાં છે. આ યોજના હેઠળ માનવરહિત ડ્રોન તૈયાર કરવામાં આવનાર છે. સંરક્ષણ મંત્રાલય તરફથી પહેલાથી જ આ યોજનાને લીલીઝંડી આપી દેવામાં આવી છે. આ યોજનાનુ મુલ્યાંકન હવે નાણાં મંત્રાલય દ્વારા રચવામાં આવેલી ખાસ નિષ્ણાંત સમિતી દ્વારા કરવામાં આવી રહ્યુ છે. સમિતી તરફથી મંજુરી મળી ગયા બાદ ઘાતક પ્રોજેક્ટને કેબિનેટની સમક્ષ મંજુરી માટે રજૂ કરવામાં આવનાર છે. ડીઆરડીઓ આ યોજનાને ભારતીય એરફોર્સની મદદથી પૂર્ણ કરશે. આ ડ્રોનને સંપૂર્ણરીતે કાફલામાં સામેલ થવામાં એક દશકનો સમય લાગી શકે છે. સંરક્ષણ ક્ષેત્રે ભારત કોઈ પણ બાંધછોડ વગર આગળ વધવા માંગે છે. ૧૯૯૯ના કારગિલ યુદ્ધ બાદ ઈઝરાયેલ પાસેથી ૨૦૦ યુએવી પૈકી અનેકની આયાત કરવામાં આવી હતી. ભારત આ ક્ષેત્રમાં આગળ વધવા આશાવાદી છે.

**ડ્રોન મિસાઈલો પર હુમલાઓ કરી શકશે અને દુશ્મન પર હુમલો કરીને પરત ફરશે : અન્ય મિશન પર પણ મોકલી શકાશે : ૨૬૫૦ કરોડની યોજના**

ભારતે દેશમાં જ રડારને ચકમા આપી શકે તેવા ડ્રોન વિકસીત કરવાનો નિર્ણય કર્યા બાદ આ પહેલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

# પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરાય તેવી સંભાવના

**આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ઘટાડો : ક્રિસમસ તહેવારની મોટી ભેટ લોકોને મળવાના સંકેત, ભાવમાં ઘટાડો આજે અડધી રાતથી અમલી કરવા તૈયારી**

નવી દિલ્હી, તા.૧૪

લાખો લોકોને ક્રિસમસ પહેલાં મોટી રાહત મળવા જઈ રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ, પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ધરખમ ઘટાડો કરવામાં આવનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આંતરરાષ્ટ્રીય કિંમતમાં ઘટાડો થયા બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ક્રમશઃ લીટર દીઠ ૨.૭૦ અને ૧.૮૦ રૂપિયા સુધીનો ઘટાડો થઈ શકે છે. હાલમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો કરવાની માંગ વારંવાર થતી રહી છે. ૨૦૦૯ બાદથી પેટ્રોલની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં સૌથી નીચી સપાટીએ પહોંચી છે. આવી સ્થિતિમાં તેનો સીધો લાભ ભારતને પણ મળી શકે છે. ક્રૂડની કિંમત પ્રમાણમાં હજુ પણ ઊંચી છે, પરંતુ અગાઉના દશકની સરખામણીમાં ભાવમાં ઘટાડો થયો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતોના ગત અઠવાડિયે આવેલા ૧૩ ટકાનો ઘટાડો તથા ભારતીય બાસ્કેટમાં ૮ટકાથી વધારે ઘટવાના કારણે તેલ વિતરણ કરતી કંપનીઓ મંગળવારના રોજ પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૩ થી ૪ રૂપિયાનો ઘટાડો કરી શકે છે. તેલ વિતરણ કરતી કંપનીઓ પેટ્રોલ-ડીઝલની કિંમતોની દર પંદર દિવસે સમીક્ષા કરે છે. ગત પખવાડિયે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત અને ડોલરની સરખામણી રૂપિયાની વિનિમય દરના આધાર પર આવતાં ૧૫ દિવસ સુધી પેટ્રોલ-ડીઝલની કિમત નિર્ધારીત કરવામાં આવે છે. પેટ્રોલીયમ અને નેચરલ ગેંસ મંત્રાલયના આંકડા અનુસાર ૨૬ નવેમ્બરના રોજ પુરુ થતા પખવાડિયે ભારતીય બાસ્કેટમાં કાચા તેલની સરેરાશ કિંમત ૪૧.૧૭ ડોલર પ્રતિ બેરલ રહી હતી જે ગુરુવારના રોજ ઘટીને ૩૬.૬૫ ડોલર પ્રતિ બેરલ પહોંચી ગઈ હતી.

લંડનમાં ૩૦ નવેમ્બરના રોજ બ્રેન્ટ ક્રુડ ૪૫ ડોલર પ્રતિ બેરલ હતુ જે શુક્રવારના રોજ લગભગ ૩૮ ડોલર પ્રતિ બેરલ સુધી ઉતરી ગયો હતો.જોકે આ દરમિયાન ડોલરની તુલનામાં રૂપિયો ૦.૩૧ ટકા ઘટ્યો છે. પરંતુ કાચા તેલમાં ઘટાડો તેની સરખાણીએ ક્યાં ગણો વધારે છે. તેનાથી તેલ વિતરણ કરતી કંપનીની પાસે પેટ્રોલ તથા ડીઝલના ભાવમાં ૨.૭૦ અને ૧.૮૦ રૂપિયાનો ઘટાડો થયો છે. હાલ દિલ્હીમાં પેટ્રોલ ૬૦.૪૮ રૂપિયા તથા ડીઝલ ૪૬.૫૫ રૂપિયા પ્રતિ લીટર છે.

# સિંગાપોરના છ સેટેલાઈટ લોંચ કરવાનુ કાઉન્ટ ડાઉન

ચેન્નાઈ,તા. ૧૪

સિંગાપોરના છ સેટેલાઈટને લોંચ કરવા સાથે સંબંધિત ૫૯ કલાકનુ કાઉન્ટ ડાઉન આજે શ્રીહરિકોટા ખાતે શરૂ કરવામાં આવ્યુ હતુ. તેના પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ મારફતે સિંગાપોરના સેટેલાઈટ લોંચ કરવામાં આવનાર છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. હવે કાઉન્ટ ડાઉન દરમિયાન તમામ બાબતો પર નજર રાખવામાં આવનાર છે. ઈસરો દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. મિશન રેડિનેસ રિવ્યુ કમિટી અને લોંચ ઓથોરાઈઝેશન બોર્ડ દ્વારા કાઉન્ટ ડાઉનને મંજુરી આપવામાં આવી છે. ભારત દ્વારા ૧૬મી ડિસેમ્બરના દિવસે સાંજે કુલ ૬૨૫ કિલોગ્રામ વજન ધરાવતા સિંગાપોરના છ સેટેલાઈટ લોંચ કરવામાં આવનાર છે.

# મંદિરમાં પ્રવેશ કરવાથી સંઘના કાર્યકરોએ રોક્યા હતા : રાહુલ

નવી દિલ્હી, તા.૧૪

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે દાવો કર્યો હતો કે, તાજેતરમાં જ આસામ યાત્રા દરમિયાન સંઘના કાર્યકરોએ તેમને બારપેટામાં એક મંદિરમાં પ્રવેશ કરવાથી રોકી દીધા હતા. રાહુલે કહ્યું હતું કે, ભાજપની રાજનીતિનો આ એક તરીકો છે જે અસ્વિકાર્ય છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષે કોલ્લમમાં એક કાર્યક્રમમાં કેરળના મુખ્યમંત્રી ઓમન ચંડીને નહીં બોલાવવાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, રાજ્યના લોકોનું કેન્દ્ર સરકાર દ્વારા અપમાન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મોદી હિસ્સો લઈ રહ્યા છે. સંસદ ભવન સંકુલમાં ગાંધી પ્રતિમાની સમક્ષ કોંગ્રેસના સાંસદોની સાથે વિરોધ પ્રદર્શન કરાયા બાદ રાહુલ ગાંધીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, પંજાબમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે ભાંગી પડી છે. રાહુલે કહ્યું હતું કે, જ્યારે તેઓ આસામ ગયા હતા ત્યારે બારપેટા જિલ્લામાં એક મંદિરમાં જવા માટે ઈચ્છુક હતા.

# છ મનપામાં મેયર, ડેપ્યુટી મેયરની નિમણૂંક

**ભારે ઉત્સાહ અને આનંદ વચ્ચે જાહેરાતો : આનંદીબેન અને ફળદુની નવી જવાબદારી માટે તમામને શુભેચ્છા : અમદાવાદના મેયર તરીકે ગૌતમ શાહ રહેશે**

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ સહિત છ



મહાનગરપાલિકામાં ચુંટણી બાદ આજે વિધિવત રીતે તમામ જગ્યાઓ ઉપર મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, પક્ષના નેતા અને દંડકની વરણી કરવામાં આવી હતી. વિધિવત રીતે વરણી કરવામાં આવ્યા બાદ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ઉજવણી પણ કરવામાં આવી હતી. અમદાવાદના મેયર તરીકે ગૌતમભાઈ નવલચંદ શાહની વરણી કરવામાં આવી હતી. જ્યારે અમદાવાદમાં ડેપ્યુટી મેયર તરીકે પ્રમોદાબેન શશીકાંત સુતરીયાની વરણી કરવામાં આવી હતી. આવી જ રીતે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પ્રવિણભાઈ ભગવાનદાસ પટેલની ફરી પસંદગી કરવામાં આવી હતી. જ્યારે પક્ષના નેતા તરીકે બીપિનભાઈ રામસ્વરૂપ સિક્કાની પસંદગી કરાઈ હતી. જ્યારે દંડક તરીકે લાલસિંહ રમતુજી ઠાકોરની પસંદગી કરવામાં આવી હતી. અમદાવાદની સાથે-સાથે રાજકોટ, જામનગર, ભાવનગર, સુરત અને વડોદરામાં પણ મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની પસંદગી કરવામાં આવી હતી.

**છ મનપામાં મેયર-ડેપ્યુટી મેયર તરીકે કોની પસંદગી**

| મહાનગર | મેયર | ડેપ્યુટી મેયર |
|---|---|---|
| કર્ણાવતી | ગૌતમભાઈ નવલચંદ | પ્રમોદાબેન સુરતીયા |
| વડોદરા | ભરતભાઈ ધીરૂભાઈ | યોગેશકુમાર પટેલ |
| રાજકોટ | ડાં.જૈમનભાઈ ઉપાધ્યાય | ડાં.દર્શિતાબેન શાહ |
| સુરત | અસ્મિતાબેન શિરોયા | શંકરભાઈ ચેવલી |
| ભાવનગર | નીમુબેન બાંભણીયા | મનભા એસ.મોરી |
| જામનગર | પ્રતિભાબેન કનખરા | ભરતભાઈ મહેતા |

# આજે ડ્રાફ્ટપીક પ્રક્રિયાને લઈને ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સુક્તા

**આઈપીએલ ટીમ માટે આજે ધોની, જાડેજા, રહાણે, રૈનાને ખરીદવા સ્પર્ધા**

મુંબઈ, તા. ૧૪

ભારતીય ક્રિકેટ ટીમના વન-ડે કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની, રવિન્દ્ર જાડેજા, રહાણે, સુરેશ રૈના અને રવિચંદ્રન અશ્વિન એવા ખેલાડીઓની યાદીમાં સામેલ છે, જે ખેલાડીઓ ઉપર આવતીકાલે નજર રહેશે. નવી ટીમોની નજર આ સ્ટાર ખેલાડીઓ ઉપર કેન્દ્રીત થઈ જશે. મંગળવારના દિવસે એટલે કે આવતીકાલે મુંબઈમાં યોજાનાર આઈપીએલ ડ્રાફ્ટમાં બન્ને નવી ટીમો પોતાની ટીમો સાથે આ ખેલાડીઓને જોડવાના પ્રયાસ કરશે. સંજય ગોઈન્કાની ન્યુ રાઈઝિંગે ૮મી ડિસેમ્બરના દિવસે દિલ્હીમાં યોજાયેલી રિઝર્વ બોલી પ્રક્રિયામાં



પૂણે ફ્રેન્ચાઈસીસ અને ઈન્ટેક્સે રાજકોટ ફ્રેન્ચાઈસીસની ખરીદી કરી હતી. આ બન્ને ટીમો ૨૦૧૬ અને ત્યારબાદ યોજાનાર આઈપીએલમાં ભાગ લેશે. આ બે ટીમો હાલમાં સસ્પેન્ડ કરવામાં આવેલી ચેન્નાઈ સુપરકિંગ્સ અને રાજસ્થાન રોયલ્સની જગ્યા લેશે. આ ટ્વેન્ટી-૨૦ લીગમાં બન્ને ફ્રેન્ચાઈસીસ કેટલાક આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોને પોતાની સાથે જોડી શકે છે. જેમાં ન્યુઝિલેન્ડના કેપ્ટન બ્રેડન મેક્કુલમ, ઓસ્ટ્રેલિયાના સેન વોટ્સન, સ્ટિવન સ્મિથ, વેસ્ટઈન્ડિઝના ઓલરાઉન્ડર બ્રાવોનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ચેન્નાઈ અને રાજસ્થાન રોયલ્સ તરફથી રમી ચુકેલા આશરે ૫૦ ક્રિકેટર ડ્રાફ્ટમાં મુકવામાં આવશે. પૂણેના મુંબઈ ક્રિકેટ એસોસીએશનના બાન્દ્રા કુર્લા સંકુલમાં યોજાનાર ડ્રાફ્ટમાં ખેલાડીઓની પસંદગી કરવાની પ્રથમ તક મળશે. કારણકે પૂણે દ્વારા બે વર્ષ માટે નવી ટીમ ખરીદવા માટે સૌથી પહેલા બોલી લગાવાઈ હતી.

